ગાંધીનગર સમાચાર



## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

રાજકારણમાં અકડુને પણ નમવું પડે,
આબરુ ગુમાવી, અપમાન પણ ખમવું પડે,
જમવું પડે એઠું જૂઠું હસતાં ચાટી-ચાટીને -
સત્તા માટે આંટીઘૂંટીની ગલીઓમાં ભમવું પડે.
(ખેડૂતોની પ્રગતિના કાયદા પાછા ખેંચાયા)

### હાઈકુ

ખોટી સલાહે
ચઢી જાય કઠોડે
બુદ્ધિચતુર

છોડવી પડે
બહુમતિની સામે
ખોટી મમત

### ચિંતન

જુષસ્વ સપ્રથમસ્તમં વચો દેવપ્સરસ્તમમ્ ।
હવ્યા જુહ્વાન આસનિ ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

શારીરિક અને આત્મિક સુખ મેળવવા ઈચ્છતા હોવ તો, પોતાના આહાર, વિહાર અને ક્રિયાઓમાં સાદાઈ રાખો અને બ્રહ્મચારી બનો.

શારીરિક સામર્થ્ય માનવજીવનની મહત્વની જરૂરિયાત છે. સ્વાસ્થ્ય સારું ન હોય તો કોઈ કાર્ય કરવું શક્ય નથી. ધન, વિદ્યા, પદ, સન્માન વગેરે મેળવવા માટે જે શ્રમ કરવો પડે છે તે અસ્વસ્થ માણસ માટે શક્ય નથી. જે માણસ સ્વસ્થ અને નિરોગી હોય છે તે જરૂરી કર્તવ્યો પૂરા કરવામાં અને મહત્ત્વાકાંક્ષાઓની દિશામાં પ્રગટી કરી શકે છે. શારીરિક સામર્થ્ય જાળવવા માટે સ્વસ્થતા અને બળ વધારવામાં જાગૃતિ રાખવી જોઈએ.

આત્મનિયંત્રણ જ સ્વર્ગનું દ્વાર છે અને એનો મૂળ મંત્ર છે આત્મસંયમ. એનાથી મનુષ્ય પોતાના દૈવી ગુણોનો વિકાસ કરી દૈવી જ્ઞાન અને શાંતિ મેળવે છે. જે માણસ આત્મસંયમના પરમ ગૌરવનો અનુભવ કરતો નથી તે એની અસીમ જરૂરિયાતોને સમજતો નથી. આત્મસંયમ પુણ્યમાર્ગની સીડી છે. એનાથી સદ્ગુણોની પ્રાપ્તિ થાય છે. સાચા તથા સુવ્યવસ્થિત ધાર્મિક જીવનની આ સર્વપ્રથમ જરૂરિયાત છે.

### સુવિચાર

- માણસના વર્તન પર જ્ઞાનનો અંકુશ અને પ્રેમની પ્રેરણા હોવી જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- સહિષ્ણુતા એ એક ફરજ છે, મહેરબાની તરીકેની છૂટછાટ નથી - **માનસસૂત્ર**
- તમે કોઈને કશું શીખવવા માંગતા હોવ તો એવી રીતે શીખવો કે એને એમ લાગે કે તમે એને કશું શીખવ્યું જ નથી - **ડેલ કાર્નેગી**
- કાર્યનો માપદંડ કાર્ય કેટલું થયું તે નહિ, પણ કાર્ય કેટલી નિષ્ઠાથી થયું છે તે છે - **ડો. હેડગેવાર**
- બુદ્ધિની શુદ્ધિ માટે દુઃખ આવશ્યક છે, પણ તેની અતિરેકથી બુદ્ધિ ડહોળાય છે - **અખંડ આનંદ**
- દર્પણ સામે આવ્યા વગર આંખ પોતાને જોઈ શકતી નથી તેમ શ્રદ્ધાના દર્પણમાં જોયા વગર આત્મજ્ઞાન નહિં થાય - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આજનું ઔષધ : પાકા ટામેટાનો રસ ૫૦ મીલી મીટર રોજ પીવાથી દાંતમાંથી નીકળતું લોહી બંધ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ગામની બહાર બે સંત ઝૂંપડી બનાવીને રહેતા હતા. બંને ભિક્ષા માંગવા અલગ-અલગ ગામમાં જતા. અને સાંજે ઝૂંપડી પર આવી જતા. પ્રભુની ભક્તિ કરી દિવસો પસાર કરતા. એકવાર ભિક્ષા માંગીને પરત આવ્યા અને જોયું તો પોતાની ઝૂંપડી વાવાઝોડાને કારણે અડધી તૂટી ગઈ હતી. આ જોઈને એક સંતને ખૂબ ગુસ્સો આવ્યો અને મનમાં ભગવાનને સંભળાવ્યું. હું રોજ તમારા જાપ કરું છું ભગવાન. ભક્તિ કરું છું. છતાં મારું ઘર અડધું તૂટી ગયું અને ગામના જે ચોર જેવા છે એમના ઘર હજુ પણ સલામત છે. આ તે કેવો ન્યાય ? જયારે બીજો સંત ભગવાનનો મનોમન આભાર માનવા લાગ્યા. તેઓ મનમાં બોલ્યા - હે ભગવાન ! આજે મને પૂરો વિશ્વાસ થઈ ગયો કે તું અમને પ્રેમ કરે છે. અમારી ભક્તિ અને પૂજા પાઠ વ્યર્થ નથી ગયા. આટલા જોરદાર વાવાઝોડામાં પણ અમારી અડધી ઝૂંપડી તમે બચાવી લીધી. તમને અને તમારી આ લીલાને હું વંદન કરું છું. આ અડધી ઝૂંપડીમાં પણ અમે આરામથી રહીશું અને તમને યાદ કરીશું. તમારા પરનો મારો વિશ્વાસ આજે અનેક ગણો વધી ગયો છે. એક સંત અડધી તૂટેલી ઝૂંપડી જોઈ દુઃખી થાય છે જયારે બીજા એ જ અડધી ઝૂંપડી જોઈ ભગવાનનો આભાર માને છે. કારણ કે તેને ભગવાન પર ભરોસો છે. અને તે પરિસ્થિતિને સકારાત્મક રીતે જોવે છે.

# રે રે શ્રદ્ધા ગત થઈ પછી કોઈ કાળે ન આવે !

**તંત્રીસ્થાનેથી...**

ખેડૂત કાયદાઓ પાછા ખેંલી લીધા પછી પણ ખેડૂતોએ એમના જલદ કાર્યક્રમો ચાલુ રાખવાનો નિર્ણય જાહેર કર્યો છે. એમને હજી લઘુત્તમ ટેકાના ભાવ અને વીજળી બિલ વિશેની માંગણીઓ સંતોષાતી નથી ત્યાં સુધી વડાપ્રધાનના આ પગલાને પ્રતિસાદ પાઠવવામાં ઉતાવળ કરવાનું યોગ્ય નથી લાગ્યું. એમના સર્વમાન્ય નેતાએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે આગામી દિવસોમાં અગાઉથી જાહેર કરાયેલા સંસદ તરફની કૂચ સહિતના કાર્યક્રમો યથાવત રહેશે. લખનૌમાં મહાપંચાયત યોજાશે અને લઘુત્તમ ટેકાના ભાવ જાહેર ન કરાય તથા વીજળી બિલ અંગેનું સરકારી વલણ સ્પષ્ટન હીં થાય ત્યાં સુધી તેઓ આંદોલન જારી રાખશે. વડાપ્રધાને એમને હાથ જોડીને આંદોલન સમેટી લઈ પોતપોતાના ઘેર જવાની વિનંતી કરી હતી પણ એમને વડાપ્રધાનોનાં વચનોમાં વિશ્વાસ નથી. ભાજપના બટક બોલા સાંસદ વરુણ ગાંધીએ પણ ખેડૂતોની વાતમાં સૂર પુરાવ્યો છે. એટલું જ નહીં, એમણે તો ત્યાં સુધી લખી નાખ્યું કે વડાપ્રધાનશ્રી, તમે જો આ પગલાં વેળાસર ભર્યાં હોત - કૃષિ કાયદા વહેલા પાછાં ખેંચી લીધા હોય તો જે ૭૦૦ ખેડૂતોએ જીવ ગુમાવ્યો એ બચી શક્યા હોત. એમણે લખીમપુર ખીરી કાંડમાં સંડોવાયેલા કેન્દ્રીય મંત્રી સહિત તમામની વિરુદ્ધ કડક પગલાં લઈ નિર્દોષ ખેડૂતોનું લોહી વહેવડાવનારાઓને ન્યાય અપાવવાની માગણી પણ કરી છે. આ લખીમપુર દુર્ઘટના પણ જો કૃષિ કાયદા વેળાસર પાછા ખેંચાયા હોત તો ટાળી શકાઈ હોત. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કે એમની પાર્ટીએ હજી સુધી વરુણ ગાંધી વિરુદ્ધ કોઈ જ પગલાં લીધાં નથી. એવું કંઈ કરવા જાય તો ખેડૂત વિરોધી હોવાનું લૅબલ લાગ્યા વિના ન રહે. રાજયપાલ સત્યપાલ મલિક અને સાંસદ વરુણ ગાંધીએ બહુ જ કડક ભાષામાં સરકાર સામે મોરચો માંડ્યો હોવા છતાં વડાપ્રધાનથી લઈ પાર્ટીના અધ્યક્ષે એક હરફ સરખો ઉચ્ચાર્યો નથી. આખરે વડાપ્રધાનને ખેડૂતે સામે નમતું જોખવું પડ્યું છે. ઉત્તરપ્રદેશ અને પંજાબ-હરિયાણામાં ખેડૂત આંદોલનની વ્યાપક અસર છે. વડાપ્રધાન માટે ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીઓ અત્યંત મહત્ત્વની બની રહેશે કારણ કે એ પછી ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી આવી રહી છે. અત્યાર સુધી મોદી રાષ્ટ્રીય નેતા તરીકે અણનમ અને અડીખમ રહ્યા છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પાસે પણ એમનો કોઈ વિકલ્પ નથી. રામ માધવ જેવા સંઘ પ્રચારક રાજકારણમાં ઝળકી શક્યા નથી. મોદી એ બધા મહત્ત્વના સિનિયરોને કોરાણે ધકેલી દઈ અમિત શાહ જેવા વિશ્વાસુ ગુજરાતીને અગ્રતાક્રમે મૂકીને હિંદી બેલ્ટના મહત્વાકાંક્ષી નેતાઓની ગણતરીઓ ઊંધી વાળી દીધી છે. કોંગ્રેસ પાસે સક્ષમ નેતૃત્વ કે ગ્રાસરૂટ નેટવર્ક નથી રહ્યું. સક્ષમ અને લોકપ્રિય કોંગ્રેસી આગેવાનો એક પછી એક કોઈને કોઈ બહાને કોંગ્રેસને રામરામ કરી રહ્યા છે જેનું છેલ્લું ઉદાહરણ પંજાબના પૂર્વ મુખ્યમંત્રી કૅપ્ટન અમરિંદરસિંહ છે જે હવે શાહ અને મોદીના ખિસ્સામાં આવી ગયા છે. ખેડૂત આંદોલન ખતમ થશે એટલે આપોઆપ ભાજપના જૂના સહયોગી અકાલી દળ માટે પણ ભાજપ સાથે ગોઠવાઈ જવાની તક ઊભી થવાની છે. ઉત્તરપ્રદેશમાં પ્રિયંકા ગાંધીએ તમામ બેઠકો લડવાની જાહેરાત કરતાં ભાજપ વિરુદ્ધ વિપક્ષી મોરચાની સંભાવના પર પૂર્ણવિરામ મુકાઈ ગયું છે. ખેડૂત કાયદા પાછા ખેંચી લઈને મોદીએ ભાજપ માટે વિજયની આડે આવતા મહત્ત્વના અવરોધને ચુપચાપ દૂર ખસેડી દીધો છે.

# ડ્રાફ્ટ ચાર્જશીટના આધારે હાઈકોર્ટ ફોજદારી કાર્યવાહી રદ કરી શકે નહિ

### કાયદો અને કાનૂન



અશ્વિન ત્રિવેદી

તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા એક આદેશની સામે સુપ્રિમ કોર્ટમાં થયેલ અપીલમાં સુપ્રિમ કોર્ટે એવું નોંધેલ છે કે, ફોજદારી કેસમાં મેજીસ્ટ્રેટ સમક્ષ જે ડ્રાફ્ટ ચાર્જશીટ મુકાઈ હોય તેના પર આધાર રાખીને હાઈકોર્ટ કાર્યવાહીને રદ કરી શકે નહિ, તે ઉપરાંત જ્યારે કોઈ કેસ પેન્ડીંગ હોય અને હાઈકોર્ટનો વચગાળાનો આદેશ કરે ત્યારે એ આદેશમાં વચગાળાનો આદેશ આપવા પાછળના કારણો પણ દર્શાવવા પડે.

ક્રી.પો.કોડની કલમ-૪૮૨ મુજબ હાઈકોર્ટની સત્તાઓની સ્પષ્ટતા કરતો આદેશ જસ્ટીસ ડી.વાય.ચંદ્રચૂડ અને જસ્ટીસ બી.વી. નાગરથનાની ખંડપીઠે જીતુલ કોટેચા વિ. ગુજરાત ના કેસમાં સુપ્રિમમાં રજુ થયેલ અપીલમાં નામ. કોર્ટે આદેશ કરી અવલોકન કર્યુ છે કે, કોઈ કેસ દરમિયાન જ્યારે હાઈકોર્ટ ધારા-૪૮૨ હેઠળની સત્તાઓ હેઠળ વચગાળાનો આદેશ કરે તો એ માટેના કારણો પણ સ્પષ્ટ કરવા જરૂરી છે. નામ. સુપ્રિમ કોર્ટે પણ જણાવ્યું છે કે, વચગાળાના સ્તરે પણ હાઈકોર્ટ જ્યારે આદેશ કરે એ તબક્કે પણ વિવેકનો ઉપયોગ કરતા કારણો પણ રજુ કરવા જોઈએ. જેથી સુપ્રિમ કોર્ટમાં એક યોગ્ય કેસની રીતે તેની ચકાસણી કરી શકાય.

હાઈકોર્ટે સને ૨૦૧૬માં આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કેસની તપાસ ચાલુ રાખવા આદેશ કરેલ, પરંતુ હાઈકોર્ટની મંજૂરી વિના મેજીસ્ટ્રેટ સમક્ષ અંતિમ રીપોર્ટ રજુ નહિ કરવા આદેશ કર્યો હતો. આ કેસમાં સુપ્રિમ કોર્ટે નોંધ્યુ હતુ કે, હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલો વચગાળાનો આદેશ ક્રી.પ્રો.કોડની ધારા મુજબ ચાલુ તપાસમાં હસ્તક્ષેપ સમાન છે, મેજીસ્ટ્રેટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવાની પોલીસને અટકાવીને હાઈકોર્ટને તેને મળેલી સત્તનો ઉલ્લંઘન કર્યો છે.

પ્રસ્તુત કેસમાં રાજકોટના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે દસ્તાવેજો સાથે ચેડા, છેતરપીંડી અને કપટ કાવતરા સહિતની ધારાઓ મુજબ ફરિયાદ નોંધાઈ હતી. જેમાં કેટલાક આરોપીઓએ હાઈકોર્ટમાં પીટીશન કરેલ હતી, જેમાં હાઈકોર્ટ એક વચગાળાનો આદેશ કરતા તપાસ ચાલુ રાખવી, પરંતુ હાઈકોર્ટની મંજૂરી સિવાય ચાર્જશીટ ફાઈલ નહી કરવાનો આદેશ કર્યો હતો.ત્યારબાદ હાઈકોર્ટ સમક્ષ એક ડ્રાફ્ટ ચાર્જશીટ મૂકવામાં આવી હતી અને તેને ધ્યાનમાં લઈ હાઈકોર્ટ કેટલાક આરોપીઓ સામેની ફરીયાદ રદ કરી હતી જે મામલો સુપ્રિમ કોર્ટમાં પહોંચ્યો હતો અને નામ. સુપ્રિમ કોર્ટે નોંધ્યું હતુ કે, ડ્રાફ્ટ ચાર્જશીટ ના આધારે હાઈકોર્ટ ફોજદારી કાર્યવાહી રદ કરી ના શકે.

ઘણા બધા ક્રિમિનલ કેસોમાં આરોપીઓ દ્વારા ક્વોસીંગ પીટીશન હાઈકોર્ટમાં ફાઈલ કરવામાં આવે છે અને તેમાં હાઈકોર્ટ વચગાળાના જામીન પણ આપે છે. તેમજ ડ્રાફ્ટ ચાર્જશીટ રજુ કરવાની પરવાનગી પણ આપતી હોય છે, પરંતુ ડ્રાફ્ટ ચાર્જશીટના આધારે સંપૂર્ણ તપાસ રદ કરી ના શકાય. તેમ સુપ્રિમ કોર્ટે જણાવેલ છે. આથી આ ચુકાદાના આધારે ઘણા બધા કેસોમાં અધૂરી તપાસ પૂર્ણતાના આરે આવશે અને પૂર્ણ ચાર્જશીટ રજુ થશે. તેમજ કેસમાં ચાર્જફ્રેમ પણ કરવામાં આવશે. ટેકનીકલ કારણોનો લાભ હવેથી આરોપીઓને મળી શકશે નહિ. તેથી ક્રી.પ્રો.કોડની ધારા-૪૮૨ હેઠળની હાઈકોર્ટની સત્તાને નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા સ્પષ્ટતા કરતા વચાગાળાના હુકમમાં જે નામ. હાઈકોર્ટ દ્વારા થતાં હતા, તેમાં કારણો કે સ્પષ્ટતા કરવામાં આવતી ન હતી તેના કારણે તપાસ કરનાર અધિકારીઓ તથા નીચલી કોર્ટ કેસ આગળ ચલાવી શકતા ન હતા અને હુકમનું અર્થઘટન સ્પષ્ટ રીતે થતું ના હોય તેનો ટેકનીકલ ફાયદો આરોપી તથા તેમના વકીલો દ્વારા કોર્ટમાં ઉઠાવવામાં આવતો અને કેસ ચાર્જફ્રેમ થતો ન હતો. નામ. સુપ્રિમ કોર્ટના સદરહું હુકમના કારણે હવેથી વચગાળના તપાસ હુકમોમાં નામ. ગુજરાત હાઈકોર્ટ કારણો નોંધવા પડશે તથા તેની સ્પષ્ટતા પણ કરવી પડશે. જેથી નીચલી કોર્ટ અને કેસની તપાસ કરનાર એજન્સી મુંજવણમાં ના મુકાય તેમજ ન્યાય મેળવવામાં વિલંબ ના થાય વિલંબથી મળતો ન્યાય એ ન્યાય ના મળવા બરાબર છે. કાનૂન સંઘર્ષયુક્ત જીવનનો પાઠ ભણાવે છે. કાયદો માનવીની જીંદગીનો પાઠ ભણાવે છે. કાયદો માનવીની નીંદગીનો મહત્વનો હિસ્સો છે. તેથી તે સ્પષ્ટ, સરળ અને સમજી શકાય તેવો હોવો જોઈએ, નહિ કે અઘરો અને ઉકેલી ના શકાય તેવો. તેથી કાયદાની ભાષામાં ઉપયોગમાં લેવાતા શબ્દો સ્પષ્ટ અને સરળ, સમજી શકાય તેવા કારણવાળા હોવા જોઈએ તેવું નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

# આનંદ છે ! આનંદ છે ! આ ધરતી પર આનંદ છે!

### WhatsApp ઓફ ધી વીક



નેહલ ગઢવી

**ટેરવું**
**હીબકે ચડ્યું છે.**
**મોબાઈલ ફોન**
**ટેબ્લેટ,**
**લેપટોપ આઈ પેડ,**
**કયૂટર...**
**ટેરવું ટીક ટીક કરીને થાકી ગયું છે...**
**એને**
**બાળકના ગાલ પર**
**મૃદુ સ્પર્શ કરવો છે...**
**માતાનો હાથ બની**
**દીકરીના વાંસા પર સરકવું છે..**
**કોઈ સાથો હાથ મિલાવી**
**રોમાંચ અનુભવવો છે.**
**દુઃખી વ્યક્તિને સુંવાળો**
**સ્પર્શ કરીને સધિકારો આપવો છે....**
**તે હવે**
**મૃદુ સ્પર્શ**
**કરવાનો પોતાનો**
**હક્ક મારી રહ્યું છે.**
**ટેરવું હીબકે ચડ્યું છે.**

ટેકનોલોજીના આ યુગમાં Facebook અને Whats appની મદદથી આપણે એકબીજાની નજીક તો આવ્યા અને નવી ઓળખાણો પણ કરી. પણ આ બધું કરવામાં નાની-નાની બાબતોનો રોમાંચ સાવ ગાયબ જ થઈ ગયો છે! આખો દિવસ



જેને એ તમામે તમામ મોબાઈલ અને લેપટોપની આ માયાજાળમાં એવા ફસાઈ ગયા છે કે આસપાસ શું ચાલી રહ્યું છે તેનો અહેસાસ જ તેને નથી રહ્યો. સાવ નાનકડા બાળકના હાથમાં મોબાઈલ અને આઈપેડ પકડાવીને આપણે નિશ્ચિત બની જઈએ છીએ પણ ખરેખર આપણે એ બાળકનું બાળપણ અને એ બાળપણને માણવાનો આપણો રોમાંચ એ બંનેને ખોઈ બેસીએ છીએ. ટેરવાની આ વ્યથા એટલી વેધક છે કે તે છેક આપણા અંતરઆત્માને હચમચાવી મુકે છે. ઘરના ચાર સભ્યો સાથે મળીને કોઈ રૅસ્ટોરન્ટમાં જમવા માટે ગયા હોય તો પણ ચાર-ચારને પરસ્પર વાતો કરવાને બદલે મોબાઈલમાં વ્યસ્ત હોય તેવું આપણે આપણી આસપાસ ઘણીવાર જોયું છે.

મોબાઈલ અને ઈન્ટરનેટની દુનિયા આકર્ષક ઘણી છે. તેમ છતાં જીવંત લાગણીઓનો હુંફાળો સ્પર્શ તેમાં કયાંથી ઉદ્ભવે ? પોતાના DP કે Profile માં મોગરાના ફૂલનો ફોટો કે ગુલાબનો ફોટો મુકવા કરતાં આંગણામાં ઉગેલા છોડ પરનું ફૂલ હાથમાં લઈને એનો સ્પર્શ માણીએ તો તેનો ખરો આનંદ આવે. તેની સુગંધ, તેનો રંગ ફોટામાં જેટલો આકર્ષક દેખાય તેનાથી અનેકગણો વધારે તે આપણી આંખો, સ્પર્શ અને અંતરઆત્માને સુગંધથી મધમધાવી શકે છે.

કુદરતની રચેલી આ સૃષ્ટિ એટલી સુંદર, મનમોહક અને આકર્ષક છે કે તેને મનભરીને માણીએ તો આપણે રોજબરોજની બનતી સારી-નરસી ઘટનાઓ વચ્ચે પણ અંતરઆત્માને જીવંત અને રોમાંચિત રાખી શકીએ. કવિશ્રી જયંત પાઠક લખે છે તેમ :

**આ સૂર્યનાં કોમળ કિરણનું તેજ,**
**ને ધરાઉરનો હૂંફાળો હેજ;**
**કયાંક કોકિકનું અચાનક પૂંજવું,**
**ને ડાળીઓનું ફૂલભારે ઝૂકવું.**
**આનંદ છે! આનંદ છે! મા ધરતી પર આનંદ છે!**
**આ પ્રિયજનોનાં હાસ, નિર્દોષ શિશુઓનાં રૂદન ઉલ્લાસ;**
**શ્રાન્ત તન કેરું દિનાન્ત લેટવું,**
**ને વિરહ અંતે સ્વજનનું ભેટવું.**
**આનંદ છે! આનંદ છે ! આ ધરતી પર આનંદ છે!**

શિયાળાની શરુઆત સાવ છાને પગલે રાત્રીના બીજા પ્રહરથી થઈ ચૂકી છે. ત્યારે આવો કુદરતના આ અવનવા રંગ-રુપને અને સૃષ્ટિના આ સુંદર સર્જનને હૈયાના ભાવ સાથે માણીએ. પુષ્પની ખીલતી કળાનો સ્પર્શ, ખિલખિલાટ હસતા શિશુના ગાલમાં પડતા ખંજનનો સ્પર્શ અને ગુલાબની લાલચટ્ટક પાંદડીઓના સ્પર્શથી ટેરવાંને ફરીથી ખીલખીલાવી દઈએ!

- nehalgadhavi101@gmail.com

# ગુજરાત અને શાકાહાર: જાહેરમાં માંસાહારના વેચાણ કે વપરાશ પર સ્વવિવેકનો અંકુશ હોવો જોઈએ.

### નવી સવાર



રમેશ તન્ના

ગુજરાતી પ્રજાની વિશ્વમાં કેટલીક ચોક્કસ ઓળખ છે. જેમ કે, ગુજરાતીઓ શાકાહારી છે. ગુજરાતીઓ એટલે દાળભાત ખાનારા. ગુજરાતીઓ માત્ર શાકાહારી નથી, શુધ્ધ શાકાહારી છે. તેઓ કોઈ રેસ્ટોરન્ટ કે હોટલમાં ખાવા જાય ત્યારે લીલા રંગના ચિહ્નની સાથે સાથે પ્યોર વેજ શબ્દ બે વાર વાંચી લે. તેમનો માત્ર શાકાહારનો આગ્રહ નથી હોતો, પરંતુ શુધ્ધ શાકાહારનો દુરાગ્રહ હોય છે.

ગુજરાતીઓ શાકાહારી થયા અથવા છે તેની પાછળ અનેક પરિબળો જવાબદાર છે. ગુજરાતમાં જૈન ધર્મનો દબદબો લાંબો સમય રહ્યો છે. તેમણે પણ ગુજરાતીઓને શાકાહારી બનાવવામાં મોટી ભૂમિકા ભજવી છે. એમ તો વૈષ્ણવ ધર્મએ પણ ગુજરાતીઓને શાકાહારી રાખ્યા છે. જ્યારે પાટણ ગુજરાતની રાજધાની હતી અને કુમારપાળ રાજા હતા ત્યારે ગુજરાતમાં અહિંસાનો એટલી હદે પસાર થયો હતો કે, સૈન્યના હાથી કે ઘોડાને જે પાણી પીવડાવાતું હતું તે પાણી ગાળીને પીવડાવાતું હતું. શબ્દકોશમાંથી હિંસા શબ્દ જ રદ કરી નખાયો હતો. આટલી કાળજી રખાતી હતી.

મુંબઈના એક સોલિસિટરે પોતાના અમદાવાદ નિવાસ વિશે પુસ્તક લખ્યું છે. તે પુસ્તકમાં તેમણે નોંધ્યું છે કે અમદાવાદની પોળોમાં કોઈ ડુંગળી ના ખાય. મોટાભાગે જૈનો રહે. ધારો કે કોઈ બિન જૈનને ડુંગળી ખાવાનું મન થયું હોય તો તે ડુંગળી ખાઈને તેનાં કોતરાં ગટરમાં એવી રીતે વહાવી દે કે, કોઈને તેની ગંધ તો શું અણસાર પણ ન આવે.

હું ૧૯૮૨માં અમદાવાદમાં રહેવા આવ્યો. મને યાદ છે કે, શહેરમાં એકલદોકલ આમલેટની લારી હોય. એ પણ કોઈ ખૂણામાં, અંધારામાં ઊભી હોય. ખાનારા પણ ચૂપચાપ, કોઈને તકલીફ ના પડે તે રીતે ખાય. આ સ્વવિવેક હતો. એ વખતે માંસાહારનો વ્યાપ પણ ઘણો ઓછો હતો.

મને યાદ છે કે, કોઈ એક કાર્યક્રમમાં બોલતાં તત્કાલીન મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા અમદાવાદના ઠાકોરભાઈ દેસાઈ હોલમાં કહ્યું હતું કે, મોટાભાગનું ગુજરાત માંસાહારી છે. એમ કહીને તેમણે કંઈ કંઈ કોમ કે જ્ઞાતિ માંસાહાર કરે છે તેની ગણતરી પણ કરાવી હતી.

એટલું યાદ રાખવું જોઈએ કે, ગુજરાતી પ્રજા મોટાભાગે





શાકાહારી છે. ૨૦૧૪માં સરકારી સેમ્પલ સર્વે પ્રમાણે ગુજરાતની ૪૦ ટકા વસ્તી ઈંડા અથવા માંસ આરોગે છે. મહિલાઓ કરતાં પુરુષો વધારે માંસાહારી છે. ગુજરાતમાં માત્ર ત્રણ ટકા મહિલાઓ જ માંસાહારી છે.

ગુજરાતમાં ૪૦ ટકા વસ્તી માંસાહારી તેની સામે રાજસ્થાનમાં ૨૫.૧ ટકા માંસાહાર કરે છે. તેલંગણામાં ૯૯ ટકા માંસાહાર થાય છે. પશ્ચિમ બંગાળમાં ૯૮.૫૫ ટકા થાય છે.

ગુજરાતમાં માંસાહાર વધી રહ્યો છે તેનાં અનેક કારણો છે. ગુજરાતીઓ ડાયસ્પોરા પ્રજા છે. દુનિયાના ખૂણે ખૂણે એ વસી છે. બહાર જાઓ એટલે ખાણીપીણી બદલાય જ. દરિયાપાર વસતા ગુજરાતીઓ જ્યારે અહીં વતનમાં આવે છે ત્યારે નવી રીતો લઈને આવે છે. હવે તો ગુજરાતના કિશોરો અને યુવાનો મોટી સંખ્યામાં બહાર ભણવા જાય છે. સમગ્ર વિશ્વમાં માંસાહાર એટલો પ્રચલિત છે કે, ગુજરાત બહાર શાકાહારી રહેવું ખૂબ જ મુશ્કેલ હોય છે. બીજું એક સૌથી મહત્ત્વનું પરિબળ છે, ગુજરાતમાં બહારથી આવતા લોકો. ગુજરાત સમૃધ્ધ પ્રદેશ હોવાથી ભારતનાં જુદાં જુદાં રાજ્યોમાંથી મોટી સંખ્યામાં લોકો અહીં રહેવા આવે છે. એ લોકોનો ચેપ પણ ગુજરાતીઓને લાગે છે. આધુનિક જીવનશૈલી પણ એક મોટું પરિબળ છે. ગુજરાતી પ્રજા ખૂબ ઝડપથી પરિવર્તન સ્વીકારી લેતી હોવાથી શાકાહાર ઘટી રહ્યો છે. ગુજરાતીઓ ખાવાના શોખીન અને જોખમ કરીને નવું નવું ખાવામાં તેમને વાંધો નથી હોતો એ વાત પણ મહત્ત્વની છે.

ગુજરાતીઓ ખૂબ ઝડપથી પોતાની મૂળ સંસ્કૃતિને ભૂલી રહ્યા છે. બહારનાં પરિવર્તનોને સ્વીકારવા માટે તેમણે ઘરની તમામ બારીઓ અને બારણાંઓ ખુલ્લાં કરી દીધાં છે તેથી તેઓ પોતાના મૂળ અને કુળને ભૂલી રહ્યા છે. એની અસર ખાણીપીણી સંસ્કૃતિ ઉપર પણ થઈ છે.

ગુજરાતના કોઈ પણ શહેર કે નગરમાં તમે જાઓ. ઠેર ઠેર તમને નોનવેજ મળી જશે. વૈશ્વિક ચેનલવાળી રેસ્ટોરન્ટમાં છૂટથી નોનવેજ મળે છે. રસ્તાઓ પર પણ નોનવેજ મળે છે. એ વાત સ્વીકારીએ કે ખાવું એ વ્યક્તિગત બાબત હોવાથી જેને જે ખાવું હોય તે ખાય, પરંતુ સાર્વજનિક વિવેક જાળવે. રોડ પર નોનવેજ બનતું હોય ત્યારે તેનો ધુમાડો અને ગંધ બીજા લોકને અસર કરે જ છે. એ જ રીતે ઘણી જગ્યાએ ખુલ્લેઆમ મટન વેચાતું હોય છે. અરે, હવે તો ફ્લેટોમાં પણ પ્રશ્નો થાય છે. બિનગુજરાતીઓ પોતાના રસોડામાં નોનવેજ રાંધે ત્યારે આજુબાજુના ઘરોમાં તીવ્ર વાસ પહોંચતી હોય છે.

આમાં કાયદો કે નિયમનો બહુ મોટી અસર ના કરે. આમાં તો વિવેક જ મહત્ત્વનો છે. સ્વવિવેક જ કામનો છે. જે લોકો નોનવેજ નથી ખાતા તે લોકો ગુનેગાર નથી. જો માંસાહારીઓને માંસ ખાવાનો અધિકાર છે તો શાકાહારીને માંસથી દૂર રહેવાનો પણ અધિકાર છે જ. એ અધિકારનું પાલન થવું જોઈએ.

છેલ્લે એટલું જ કહેવાનું મન થાય છે કે, ગુજરાતીઓ તમે ખૂબ સુધરો, આધુનિક બનો, વૈશ્વિક બનો, પણ શાકાહારને ન છોડશો. એ તમારી અસલ ઓળખ છે. આપણું પેટ કબ્રસ્તાન નથી કે તેમાં બીજા પ્રાણીઓના શરીર નાખવામાં આવે.

**ગો-ધૂલિઃ**

ગુજરાતીઓના વર્તનની મોટામાં મોટી વિશેષતા એ છે કે, તેઓ દુનિયાની સૌથી ઝડપથી પરિવર્તિત થઈ જતી પ્રજા છે. પરિવર્તન ઝડપથી સ્વીકારવું એ ગુજરાતીઓનું કાયમી વર્તન છે.